* R E - 0 4 2 1 / 3 0 0 *

# RE-0421

## Second Year B. Com. Examination

**April / May – 2010**

## Taxation : Paper - III

*(Income-Tax Procedure & Practice : Part - I)*

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :

☛ **S. Y. B. Com.**

Name of the Subject :

☛ **Taxation : Paper - 3**

☛ Subject Code No. : **0 4 2 1** ☛ Section No. (1, 2,.....) : **Nil**

Seat No. :

Student's Signature

(૨) તમારા જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જોઈએ.

(૩) **જમણી** બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧ ટૂંકમાં જવાબ આપો : ૧૦

(૧) કાયમી ખાતાનંબર PAN ન મેળવવામાં આવે તો દંડની જોગવાઈ જણાવો.

(૨) લાંબાગાળાનો મૂડી નફો એટલે શું ?

(૩) ધંધા-વ્યવસાયની આવકના મથાળા હેઠળ સમાવાતી આવકો જણાવો.

(૪) ટી.ડી.એસ. એટલે શું ?

(૫) ખામીયુક્ત રિટર્ન કોને કહેવાય ?

૨ કાયમી ખાતા નંબર (PAN) મેળવવાની વિધિ જણાવો. તથા કયા નાણાકીય વ્યવહારો માટે PAN જરૂરી છે તે જણાવો. ૧૨

**અથવા**

૨ (અ) કલમ-80 C મુજબ બાદ મળતી રોકાણોની કપાત વિશે લખો. ૬

(બ) વસવાટના આધારે કરભરનારનું વર્ગીકરણ વિશે જણાવો. ૬

૩ એડવાન્સ ટેક્ષ ભરવાની જવાબદારી ક્યારે અને કેટલો એડવાન્સ ટેક્ષ ભરવો પડે ? એડવાન્સ ટેક્ષ ન ભરવાથી કે ઓછો ભરવાથી થતા વ્યાજની ચૂકવણી વિશે લખો. ૧૨

**અથવા**

૩ (અ) કમિશનર ઑફ ઈન્કમેટક્ષની નિમણૂંક કોણ કરે છે ? અને તેમની સત્તાઓ જણાવો. ૬

(બ) મૂડી નફા સંબંધી આવકવેરા કલમ-૫૪ તથા ૫૪ ઈ વિશે લખો. ૬

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે **ત્રણ**) ૧૨

(૧) અન્ય સાધનોની આવક હેઠળની આવકો

(૨) ગ્રેજ્યુઈટીની જોગવાઈઓ

(૩) ભાડામુક્ત રહેઠાણની સવલત

(૪) મકાન મિલકતમાંથી બાદ મળતી કપાત

(૫) 'શખ્સ'ની વ્યાખ્યા

(૬) પાછલું વર્ષ તથા આકારણી વર્ષ.

૫ (અ) શ્રી દિલીપભાઈ પટેલ પારડીની આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજમાં અધ્યાપક છે. તેઓને દર મહિને રૂ. ૩,૨૦૦ ઘરભાડા ભથ્થું મળે છે. તેમના પગારની અન્ય વિગત નીચે મુજબ છે : ૪

(૧) મૂળપગાર માસિક રૂ. ૩૦,૦૦૦

(૨) મોંઘવારી ભથ્થું મૂળ પગારના ૩૦%

(૩) મેડિકલ ભથ્થું માસિક રૂ. ૧૦૦.

તેઓ ભાડાના મકાનમાં રહે છે, અને દરમહિને રૂ. ૫,૦૦૦ ભાડું ચૂકવે છે. મોંઘવારી ભથ્થાની ૫૦% રકમ પ્રો. ફંડની ગણતરી માટે ધ્યાનમાં લેવાય છે.

આકારણી વર્ષ ૨૦૦૯-૧૦ માટે કરપાત્ર ઘરભાડા ભથ્થાની રકમની ગણતરી દર્શાવો.

(બ) શ્રી ભાવસારની આવકની નીચે આપેલી વિગત પરથી આકારણી વર્ષ ૨૦૦૯-૧૦ માટે તેમની અન્ય સાધનોની કરપાત્ર આવકની ગણતરી કરો : ૪

(૧) દેસાઈ લિમિટેડના ડિબેંચર પર મળેલ વ્યાજ રૂ. ૨,૨૦૦.

(૨) સ્વર્ણિમ લિમિટેડના નોંધાયેલા ડિબેંચર પર મળેલ વ્યાજ રૂ. ૧૦,૭૬૪ (ટી.ડી.એસ.નો દર ૧૦.૩૦%નો છે.)

(૩) ગુજરાત લિમિટેડના ઈ. શૅરો પર મળેલ ડિવિડન્ડ રૂ. ૫,૦૦૦.

(૪) લોટરીનું ઈનામ (નેટ) રૂ. ૧૭,૨૭૫ (ટી.ડી.એસ. નિયમ મુજબ કાપેલો છે.)

પાછલા વર્ષ દરમ્યાન સ્વર્ણિમ લિમિટેડના ડિબેંચર ખરીદવા માટે લીધેલી લોનનું વ્યાજ રૂ. ૨,૦૦૦ ચૂકવ્યું હતું, તે ઉપરાંત ઈ. શૅરનું ડિવિડન્ડ વસૂલ કરવા માટે બૅન્ક કમિશનના રૂ. ૨૦૦ ચૂકવ્યા હતા.

(ક) શ્રી અજય નાયક ૩૦ વર્ષ અને ૧૧ માસની નોકરી કરી વાપી લિમિટેડમાંથી તા. ૩૧-૧-૨૦૦૯ના રોજ નિવૃત્ત થયા. તેમને ગ્રેજ્યુઈટી રૂ. ૪,૩૭,૫૦૦ મળી. તેઓને ૧-૧-૨૦૦૮થી મૂળ પગારના ૨૫% લેખે મોંઘવારી ભથ્થું મળતું હતું. નિવૃત્તિના લાભોની ગણતરી માટે મોંઘવારી ભથ્થાની ૫૦% રકમ ધ્યાનમાં લેવાય છે. તેમને જાન્યુઆરી ૨૦૦૯ માટે મોંઘવારી ભથ્થું રૂ. ૫,૦૦૦ મળ્યું. ૪

આ. વર્ષ ૨૦૦૯-૧૦ માટે કરપાત્ર ગ્રેજ્યુઈટી શોધો.

૫ (અ) નીચેની વિગતો પરથી ફોર્મ નંબર 49 A ભરો : ૬

નામ : ગાંધી સંજયકુમાર રમેશચંદ્ર

ધંધાનું નામ : શ્રી મૂરલી ટ્રેડર્સ

સરનામું : દુકાન નં. ૨૫, નેતાજી માર્ગ, સુરત

પિતાનું નામ : ગાંધી રમેશચંદ્ર ભાણાભાઈ

રહેઠાણનું સરનામું : ફ્લેટ નં. બી/૧૨૫, દેસાઈ માર્ગ, સુરત

જન્મ તારીખ : ૧૭-૬-૧૯૭૬

ધંધો શરૂ કર્યા તારીખ : ૧-૪-૨૦૦૯

ધંધાનો પ્રકાર : મેડિકલ સ્ટોર

ટેલીફોન નંબર : ૨૩૮૫૨૪૫

(બ) નીચેની વિગતો પરથી ફોર્મ નંબર - ૧૬ ભરો : ૬

| | | રૂ. |
|---|---|---|
| (૧) | ગ્રોસ પગાર | ૪,૦૦,૦૦૦ |
| (૨) | વ્યવસાય વેરો | ૨,૪૦૦ |
| (૩) | બૅન્ક ફિક્સ ડિપોઝીટ પર મળેલ વ્યાજ | ૭,૦૦૦ |
| (૪) | મેડિક્લેઈમ પ્રીમિયમ | ૮,૦૦૦ |
| (૫) | પ્રો. ફંડમાં રોકાણ | ૭૦,૦૦૦ |
| (૬) | હાઉસિંગ લોન હપતા | ૧૫,૦૦૦ |
| (૭) | જીવન વીમા પ્રીમિયમ | ૫,૦૦૦ |
| (૮) | ટેક્સની કપાત | ૨૫,૦૦૦ |

શ્રી અતુલ પંડ્યા બૅન્ક ઑફ બરોડા, વલસાડમાં સિનિયર ક્લાર્ક તરીકે નોકરી કરે છે. આ. વર્ષ ૨૦૦૯-૧૦ માટે પગારની કરપાત્ર આવકની ગણતરી તથા ભરવાપાત્ર ટેક્ષની ગણતરી કરીને ફોમ નં. ૧૬ ભરો :

***અન્ય વિગત :***

(૧) શ્રી અતુલભાઈ પંડ્યાનો પાન નંબર - ABCDE - 1044 - Q

(૨) બૅન્ક ઑફ બરોડાનો પાન નંબર - EFGHI - 5000 - M

(૩) બૅન્ક ઑફ બરોડાનો ટી.ડી.એસ. નંબર - BGKLP - 1044 - B

**અથવા**

૬ નીચેની વિગતો પરથી ITR-1 તૈયાર કરો : ૧૨

(૧) નામ : અરવિંદભાઈ અશોકભાઈ શાહ
(૨) નોકરીનું સ્થળ : મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
(૩) નોકરીનું સરનામું : મહાત્મા ગાંધી રોડ, નવસારી
(૪) રહેઠાણનું સરનામું : ૧૩, ગાંધી સોસાયટી, સ્ટેશનરોડ, નવસારી
(૫) પિતાનું નામ : અશોકભાઈ શાંતીલાલ શાહ
(૬) જન્મ તારીખ : ૨૯-૧-'૫૧
(૭) અરવિંદભાઈનો પાન નંબર : ABCDE - 1044 - Q
(૮) મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો પાન નં. - RGPQR - 1044 - M
(૯) ટી.ડી.એસ. નંબર : SRTCM - 1200 - Q

**આવકની ગણતરી**

| | | | |
|---|---|---|---|
| (૧) ગ્રોસ પગાર | | ૫,૩૦,૦૦૦ | |
| બાદ : વ્યવસાયવેરો | | ૨,૪૦૦ | |
| | | **૫,૨૭,૬૦૦** | |
| બાદ : હાઉસિંગ લોન વ્યાજ | | ૧૨,૫૦૦ | |
| | | **૫,૧૫,૧૦૦** | **૫,૧૫,૧૦૦** |
| (૨) બૅન્ક વ્યાજની આવક | | | ૨૧,૯૦૦ |
| ગ્રોસ આવક | | | **૫,૩૭,૦૦૦** |
| બાદ : કપાતો : | | | |
| (૧) કલમ ૮૦ C મુજબ | | ૩૧,૦૦૦ | |
| (૨) કલમ ૮૦ D મુજબ | | ૫,૦૦૦ | |
| | | ૩૬,૦૦૦ | ૩૬,૦૦૦ |
| કરપાત્ર આવક | | | **૫,૦૧,૦૦૦** |
| ભરવાપાત્ર વેરો | | ૫૫,૩૦૦ | |
| + એજ્યુકેશન સેસ ૩% | | ૧,૬૫૯ | |
| | | **૫૬,૯૫૯** | **૫૬,૯૫૯** |
| બાદ : | | | |
| (૧) પગારમાંથી કાપેલ આવકવેરો | | ૪૦,૦૦૦ | |
| (૨) એડવાન્સ ટેક્ષ ભર્યો | | | |
| ૧૦-૯-૦૮ | ૫,૦૦૦ | | |
| ૧૨-૧૨-૦૮ | ૩,૦૦૦ | | |
| ૧૫-૩-૦૯ | ૯,૦૦૦ | ૧૭,૦૦૦ | ૫૭,૦૦૦ |
| ***રીફંડ મળવાપાત્ર*** | | | ***૪૧*** |

(૧) BSR Code No. 025 છે.
(૨) TRPની વિગત : ઓળખાણ નં. ૧૨૦
નામ : સંજય રમેશચંદ્ર ગાંધી.